| | | | | | |
|---|---|---|---|---|---|
| | | પ્રાપ્તિ તારીખ | ૦૧/૦૨/૨૦૧૬ | | |
| | | દાખલ તારીખ | ૦૧/૦૨/૨૦૧૬ | | |
| | | ફૈસલ તારીખ | ૨૫/૧૧/૨૦૨૫ | | |
| | | સમયગાળો | દિવસ | માસ | વર્ષ |
| | सत्य मेव जयते | | ૨૪ | ૦૯ | ૦૯ |

ફોજદારી કેસ નં. ૩૦૬/૨૦૧૬

આંક

## ફોર્મ–એ

| | |
|---|---|
| ત્રીજા એડીશનલ સીવીલ જજ અને જે.એમ.એફ.સી.(એફ.એન.સોલંકી)સાહેબશ્રીની કોર્ટમાં ગાંધીનગર.<br>ફોજદારી કેસ નંબર–૩૦૬/૨૦૧૬<br>હુકમ તારીખ–૨૫/૧૧/૨૦૨૫<br>(એફ.આઈ.આર /ગુના રજી.નંબર–૩૪/૧૫/અડાલજ પોલીસ સ્ટેશન ) | |
| ફરીયાદી | શ્રી સરકાર |
| ફરીયાદ પક્ષે વિધ્વાન વકીલશ્રી | એ.પી.પી.શ્રી ચીરાગભાઈ પી. દવે |
| આરોપી | ૧) જીજ્ઞેશકુમાર વિનયચંન્દ્ર શાહ<br>રહે. મકાન નં.૧ મયુરપંખ સોસાયટી ફતેનગર ચાર રસ્તા રાજગાર્ડન સામે પાલડી અમદાવાદ.<br>૨) પ્રદિપભાઈ કાનજીભાઇ શાહ<br>રહે. ઘાટલોડીયા ચાણ્યક પુરી જોગણીમાતાના મંદીર સામે સંજયભાઇની ચાલી સંજયભાઇના મકાનમાં અમદાવાદ.<br>૩) ધીરજલાલ જેઠાલાલ બારભાયા (મરણ)<br>રહે. ૭, વર્ધમાનનગર સોસાયટી રામકુટીર સામે દુધરેજ રોડ સુરેન્દ્રનગર. |
| આરોપી તરફે વિધ્વાન વકીલ શ્રી | એ.એ.શેખ |

## ફોર્મ–બી

| | |
|---|---|
| ગુનાની તારીખ | તા.જાન્યુઆરી ૨૦૧૫ |
| એફ.આઈ.આર ની તારીખ | તા.૧૭/૦૩/૨૦૧૫ |
| ચાર્જશીટની તારીખ | તા.૦૧/૦૨/૨૦૧૬ |
| ચાર્જફ્રેમ કર્યા તારીખ | તા.૧૫/૦૨/૨૦૧૮ |
| પુરાવો શરૂ થયા તારીખ | તા.૧૬/૦૭/૨૦૨૫ |
| હુકમ પર લીધા તારીખ | તા.૩૦/૧૦/૨૦૨૫ |
| હુકમની તારીખ | તા.૨૫/૧૧/૨૦૨૫ |
| સજાના હુકમની તારીખ | ... |

<u>આરોપીની વિગતો</u>

| **આરોપી નો ક્રમ** | **આરોપી નું નામ** | **ધરપકડ તારીખ** | **જામીન મુકત થયા તારીખ** | **આક્ષેપિત ગુનાની વિગત** | **નિર્દોષ કે તકસીરવાર** | **સજાની વિગત** | **ક્રિ.પ્રો.કોડની કલમ–૪૨૮ના કામે જેલમાં રહયા અંગેની વિગત** |
|---|---|---|---|---|---|---|---|
| ૧)<br><br>૨)<br><br>૩) | જીજ્ઞેશકુમાર વિનયચંન્દ્ર શાહ<br><br>પ્રદિપભાઈ કાનજીભાઇ શાહ<br><br>ધીરજલાલ જેઠાલાલ બારભાયા(મરણ) | તા.૯.૯.૨૦૧૫<br><br>તા.૬.૧૦.૨૦૧૫<br><br>તા.૨૬.૧૦.૨૦૧૫ | તા.૯.૯.૨૦૧૫<br><br>તા.૨૯.૯.૨૦૧૫<br><br>તા.૧૯.૧૦.૨૦૧૫ | ઇ.પી.કો. કલમ ૪૦૬, ૪૨૦, ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૧૨૦(બી) | નિર્દોષ | ––– | –– |

| **ફોર્મ–સી** | | | |
|---|---|---|---|
| **ફરીયાદપક્ષના સાહેદો** | | | |
| ક્રમ | આંક | નામ | પુરાવાનો પ્રકાર |

| | | | |
|---|---|---|---|
| ૧ | ૧૩ | પંચ શશીભાઇ બાબુભાઇ સોલંકીની જુબાની | મૌખીક |
| ૨ | ૧૫ | ફરીયાદી ખલિક અહેમદ રફિક અહેમદની જુબાની | મૌખીક |

| ફરીયાદ પક્ષના આંકે પાડેલા પુરાવાની વિગત | | |
|---|---|---|
| એ.ફરીયાદ પક્ષ | | |
| ક્રમ | આંક | પુરાવાનું વર્ણન |
| ૧ | ૧૪ | પંચનામું |
| ૨ | ૧૬ | ફરીયાદ |

## // **ચુ કા દો** //

**૧.** આ કામે ફરીયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ ભેગા મળી પ્રથમથી જ ગુનાહીત કાવતરુ રચી બીજાના નામના ઓળખપત્ર ની નકલો મેળવી તે નકલો આધારે અલગ અલગ કંપનીના મોબાઇલ ફોનના સીમ કાર્ડ મેળવવા જેના નામે સીમ કાર્ડ લીધેલ તે ફોર્મ ઉપર ખોટી સહીઓ કરી ખોટો ડોકયુમેન્ટ(દસ્તાવેજ) બનાવી સીમકાર્ડ મેળવવા તેનો ખરા તરીકે ઉપયોગ કરી બીજાના નામના ખોટા સીમકાર્ડ મેળવી જે સીમકાર્ડ દવારા જાન્યુઆરી ૨૦૧૫ માં ફરીયાદીને ફોન કરી પોતે વેપારી હોવાની ઓળખ આપી કાલુપુર કબુતર ખાના અમદાવાદ ખાતે આવેલ પોતાની પેઢીનું ખોટુ સરનામુ આપી વિશ્વાસ કેળવી બાસમતી ચોખાના કટટા નંગ–૮૦૦ કિં.રૂ. ૬,૫૯,૦૩૮/–ના ચોખાના કટટા અંબીકા ટ્રેડર્સ ન્યુ રાણીપ અમદાવાદ ખાતે ઉતારવા માટે ખરીદ કરી મંગાવેલ અને આ ચોખા ફરીયાદીએ તા.૨૩/૦૧/૧૫ ના રોજ ટ્રક નંબર એચ.આર.૩૮ ટી.૩૯૩૦ મોકલી આપેલ. જે આરોપીઓએ ટ્રક ડ્રાઇવરને ફોન કરી ચોખાનો માલ નકકી કરેલ જગ્યા સિવાય અડાલજ ખાતે આર્યન કાશા કોમ્પલેક્ષ આગળ દુકાનોની સામે તા.૨૭/૦૧/૧૫ ના રોજ બીજી ટ્રક લઇ આવી માલને પોતે લાવેલ ટ્રકમાં ભરાવી લઇ જામનગર ખાતે બારોબાર વેચાણ કરી ફરીયાદીને માલના પૈસા નહી આપી ફરીયાદી સાથે છેતરપીડી વિશ્વાસઘાત કરી ગુન્હો કરેલ છે. આ કામે ફરીયાદીએ ફરીયાદ આપતાં અડાલજ પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ફસ્ટ ૩૪/૧૫ થી નોંધી તપાસના અંતે તપાસ કરનાર અમલદારે હાલના આરોપીઓ વિરુઘ્ધ ઈ.પી.કો. ની કલમ–૪૦૬, ૪૨૦, ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧,

૧૨૦(બી) મુજબના ગુન્હાનું ચાર્જશીટ રજુ કરેલ છે.

૨. **ક્રીમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૪૦ અન્વયે તહોમતનામા અંગે :–**

આ કામે આરોપી વીરુધ્ધ ચાર્જશીટ દાખલ થતા, આ કામના આરોપીને સમન્સની ધોરણસર બજવણી થતાં તેઓ મુદતે કોર્ટમાં હાજર થયેલાં છે, અને તેઓને પોલીસ પેપર્સની નકલો ક્રીમીનલ પ્રોસીજર કોડ ની કલમ ૨૦૭ મુજબ વીના મુલ્યે પૂરી પાડવામાં આવેલ છે, તેઓની વિરૂધ્ધના ગુન્હા સબબ વિચારણા કરવા માટે પૂરતો સમય આપવામાં આવેલ છે ત્યારબાદ આંક–૦૪ થી અને આંક–૦૫ થી આરોપીની પ્લી રેકર્ડ કરવામાં આવેલ છે. જેમાં આરોપીએ તેમની સામેના ગુન્હાનો ઈન્કાર કરેલ હોય કેસ કાર્યવાહી આગળ ચલાવવામા આવેલ.પરંતુ પાછળથી ગેરહાજર રહેતા આ કામ ની કાર્યવાહી કલમ ૨૯૯ મુજબ આરોપીની ગેરહાજરીમા ચલાવવામા આવેલ.

૨.૧ **પક્ષકારો તરફે રજુ પુરાવાઃ –**

ફરીયાદ પક્ષે પોતાનો કેસ પુરવાર કરવા ક્રીમીનલ પ્રોસીજર કોડ ની કલમ ૨૪૨ અન્વયે ઉપરોકત મુજબના દસ્તાવેજી તથા મૌખીક પુરાવા રજુ કરેલા છે.

૨.૨ **ક્રીમીનલ પ્રોસીજર કોડ ની કલમ ૩૧૩ મુજબ આરોપીનુ વિશેષ નીવેદન**

ફરીયાદપક્ષના પુરાવા બાદ વિધ્વાન એ.પી.પી.શ્રી દ્રારા તેઓ નો પુરાવો પુર્ણ કર્યા ની મૌખીક રજુઆત કરતા આ કામ આરોપી પક્ષે તેઓનુ વીશેષ નીવેદન ક્રીમીનલ પ્રોસીજર કોડ ની કલમ, ૩૧૩ મુજબ નોંધવા હેતુ રાખવામા આવેલ પરંતુ આરોપીઓ સામે આ કેસ કલમ ૨૯૯ મુજબ ચલાવવામા આવેલ હોય, એ રીતે આરોપીનુ વિશેષ, નિવેદન નોંધવામાં આવેલ નથી.

૩ **ક્રીમીનલ પ્રોસીજર કોડ ની કલમ ૩૧૪ મુજબ પક્ષકારો તરફે દલીલ**

પ્રોસીકયુશન તરફે એ.પી.પી.શ્રીએ દલીલ કરતાં જણાવેલ છે કે, આ કામના આરોપીઓ એ ખોટા દસ્તાવેજ બનાવી સમાજ વીરોધી પ્રવૃતી કરેલ હોય, કાયદા માન્ય મહતમ સજા કરવા અરજ કરેલ છે. જયારે આરોપી તરફે કોઈ હાજર ના હોય કેસ કલમ ૨૯૯ મુજબ આગળ ચલાવવામા આવેલ હોય તે રીતે તેમની દલીલ માટે રાખવામા આવેલ નથી.

૪. **ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૩૫૪(૧)(બી) મુજબ નીર્ણય અંગેના મુદદા**:–

આ કામે પક્ષકારો તરફે ઉપરોકત રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ તથા સરકાર પક્ષે વિધ્વાન એ.પી.પી. શ્રીની રજૂઆત સમક્ષમાં લેતા, આ કેસના આખરી નિર્ણય માટે ક્રિમીનલ

પ્રોસીઝર કોડની કલમ–૩૫૪(૧)(બી) મુજબ નીચે મુજબના મુદા ઉપસ્થિત થાય છે.

**:: મુદ્દા ::**

**૧.** શું ફરીયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ ભેગા મળી પ્રથમથી જ ગુનાહીત કાવતરુ રચી બીજાના નામના ઓળખપત્ર ની નકલો મેળવી તે નકલો આધારે અલગ અલગ કંપનીના મોબાઇલ ફોનના સીમ કાર્ડ મેળવવા જેના નામે સીમ કાર્ડ લીધેલ તે ફોર્મ ઉપર ખોટી સહીઓ કરી ખોટો ડોકયુમેન્ટ(દસ્તાવેજ) બનાવી સીમકાર્ડ મેળવવા તેનો ખરા તરીકે ઉપયોગ કરી બીજાના નામના ખોટા સીમકાર્ડ મેળવી જે સીમકાર્ડ દવારા જાન્યુઆરી ૨૦૧૫ માં ફરીયાદીને ફોન કરી પોતે વેપારી હોવાની ઓળખ આપી કાલુપુર કબુતર ખાના અમદાવાદ ખાતે આવેલ પોતાની પેઢીનું ખોટુ સરનામુ આપી વિશ્વાસ કેળવી બાસમતી ચોખાના કટટા નંગ–૮૦૦ કિં.રૂ. ૬,૫૯,૦૩૮/–ના ચોખાના કટટા અંબીકા ટ્રેડર્સ ન્યુ રાણીપ અમદાવાદ ખાતે ઉતારવા માટે ખરીદ કરી મંગાવેલ અને આ ચોખા ફરીયાદીએ તા.૨૩/૦૧/૧૫ ના રોજ ટ્રક નંબર એચ.આર.૩૮ ટી.૩૯૩૦ મોકલી આપેલ. જે આરોપીઓએ ટ્રક ડ્રાઇવરને ફોન કરી ચોખાનો માલ નકકી કરેલ જગ્યા સિવાય અડાલજ ખાતે આર્યન કાશા કોમ્પલેક્ષ આગળ દુકાનોની સામે તા.૨૭/૦૧/૧૫ ના રોજ બીજી ટ્રક લઇ આવી માલને પોતે લાવેલ ટ્રકમાં ભરાવી લઇ જામનગર ખાતે બારોબાર વેચાણ કરી ફરીયાદીને માલના પૈસા નહી આપી ફરીયાદી સાથે છેતરપીડી વિશ્વાસઘાત કરી ગુન્હો કરેલ છે. ઈ.પી.કો. ની કલમ–૪૦૬, ૪૨૦, ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧,૧૨૦(બી) મુજબ શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે ?

**૨.** શુ હુકમ ?

**૪.૧** ઉપરોકત મુદાઓ અંગેના ન્યાયિક નિર્ણયો માટેના કારણો નીચે મુજબના છે.

મુદ્દા નંબર–૧:– નકારાત્મક.

મુદ્દા નંબર– ૨ઃ–આખરી હુકમ મુજબ.

૫. ઉપરોકત નિર્ણયો અંગેના કારણો નીચે મુજબ છે.

**:: નિર્ણયો અંગેના કારણો ::**

**મુદ્દા નંબર– ૧ :–**

૬. હાલના કામે ફરીયાદપક્ષે ફરીયાદની હકીકતો પુરવાર કરવા સારું આંક–૧૩ થી પંચ તરીકે શશીભાઇ બાબુભાઇ સોલંકીનાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે, જેમાં તેઓ જણાવે છે કે, તેઓ આજરોજ કોર્ટ સમક્ષ સમન્સ આવતા હાજર થયેલ છે. તેઓને એક પંચનામાની ઝેરોક્ષ નકલ બતાવવામાં આવે છે. જેમા પંચ નં. ૨ તરીકે તેઓની સહી છે. પરંતુ તેઓ ગુજરાતીમાં સહી કરતો નથી. અંગ્રેજીમાં સહી કરે છે. સાહેદને તેના સહીનો નમુનો કોર્ટ રૂબરૂ આપવાનુ કહેતા તેને અંગ્રેજીમાં સહી કરેલ છે. અને પોતે આ નામ પોલીસ સ્ટેશનમાં લખેલ હોવાનુ જાહેર કરતા હોય તે નામ કઇ રીતે લખે છે. તેનો નમુનો આપવાનુ કહેતા પંચનામામા લખેલ નામ સદર પંચે જ લખેલ હોવાનું જણાઇ આવે છે.

આ સાહેદ ફરીયાદપક્ષના કેસને સમર્થન આપતા ન હોય ભારતીય પુરાવા અધિનિયમ ૧૮૭૨ ની કલમ ૧૫૪ મુજબ સરકારી વકીલશ્રીએ તેની ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્ન પુછવા પરવાનગી માંગતા પરવાનગી આપવામાં આવેલ અને ત્યારપછી આ પંચની ફરીયાદ પક્ષ દ્રારા ઉલટતપાસ લેવામાં આવેલ અને પંચ સાહેદને પંચનામુ વાંચી સંભળાવવામાં આવેલ પરંતુ સાહેદે પુછાયેલ તમામ વીગતો ની ઇન્કારી કરતા જણાવેલ છે કે, " તા.૧૭–૦૩–૧૫ના રોજ પોલીસે તેઓને પંચમા રહેવાની સમજ કરતા તેઓએ સ્વખુશીથી પંચ તરીકે રહેતા પોલીસ ે એક ઇસમ નામે ખલીલ અહેમદ રફી અહેમદ શિદીકી જે મુળ રહેવાસી બરેલી ઉપરપ્રદેશ તેણે ચોખાના કટટા જયા ઉતારેલ તે જગ્યાનું પંચનામુ કરવાનુ હોય આ જગ્યા ફરીયાદીએ બતાવ્યા મુજબ અડાલજની આર્યનકાસા કોમ્પલેક્ષ દુકાન નં.૨૨ જેમા લોખંડનું શટર છે. અંદર કોઇ સરસામાન નથી. જેમા એક લોખંડનો ઘોડો અને ટેબલ છે આ દુકાનની તપાસ કરતા તેના માલીક રમણજી ભઇજીભાઇ ઠાકોર રહેવાસી પરાવાસ, અડાલજનાઓની છે. પરંતુ આ દુકાનમાંથી કોઇ

ચોખાના કટટા મળી આવેલ નથી. તેવુ વિગતવારનુ પંચનામુ તેઓની રૂબરૂ થયેલ હોવા છતાં તેની સદંતર ઇન્કારી કરેલ છે.

આરોપી વિરૂધ્ધ કલમ–૨૯૯ હુકમ હોઇ ઉલટતપાસ કરવામાં આવેલ નથી.

૭. હાલના કામે ફરીયાદપક્ષે ફરીયાદની હકીકતો પુરવાર કરવા સારું આંક–૧૫ થી ફરીયાદી ખલિક અહેમદ રફિક અહેમદનાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે, જેમાં તેઓ જણાવે છે કે, વર્ષ ૨૦૧૫માં તેઓ મુકામ પોસ્ટ રીછા તા.બહેડી જી. બરેલીમાં તેઓના રફીક ઇન્ડસ્ટ્રીઝના નામથી હોલસેલથી ચોખાનો વેપાર ધંધો કરતા હતા. ત્યારે જાન્યુઆરી ૨૦૧૫ના અરસામાં તેઓની ઉપર એક વ્યકિતએ જેણે પોતાનુ નામ રાજેશભાઇ કહેલુ. તેઓએ ૨૦૦ કિવટલ ચોખા મોકલી આપવા માટે જણાવેલું. જે બાબતે તેઓએ ફોન પર કરેલી અને ત્યારબાદ તેઓએ ૧૫૦ કિવટંલ ચોખા મોકલી આપેલ તે બાબતે પેમેન્ટ તેઓ દવારા ચુકવી આપવામાં આવશે તેવુ જણાવવામાં આવેલ. જે તે ટાઇમે બાકીના ચોખા પેમેન્ટ ના આવતા મોકલાવેલ નહી. ત્યારબાદ તેઓથી આ વ્યકિતનો સંપર્ક થયેલ નહી. જે તે સમયે બનાવ અંગે ફરીયાદ આપેલી. અને દસ્તાવેજો રજુ કરેલા. તેઓને આ સિવાય અન્ય કોઇ વિગતોની હાલમા યાદ નથી. આ કેસને ઘણો સમય થઇ ગયો હોવાથી તથા તેઓને આ કેસમાં વધુ કોઇ કાર્યવાહી કરવા માંગતા ના હોઇ કેસ આગળ ચલાવવા માંગતા નથી. તેઓને અસલ ફરીયાદ બતાવવામાં આવે છે. જેમા ફરીયાદી તરીકે તેઓની સહી છે. જે તેઓ ઓળખી બતાવે છે. જે તે સમયે પોલીસે તેઓની લેખિત અરજીના આધારે ફરીયાદ લીધેલી જે ગુજરાતીમાં લખેલી અને તેઓને હિન્દીમાં સમજાવવામાં આવેલી અને જે તા.૧૭/૦૩/૧૫ ના રોજનું નિવેદન છે. તેઓએ પોલીસ સમક્ષ કયા પ્રકાર ના ચોકકસ દસ્તાવેજો કરેલા કે કઇ વ્યકિતઓની વિરુધ્ધ માં ચોકકસ પ્રકારનો રોલ જણાવેલો તે હાલમાં તેઓને યાદ નથી. તેઓ વધુ આ કેસ આગળ ચલાવવા માંગતા નથી કે વધુ કોઇ દસ્તાવેજ રજુ કરવા માંગતા નથી કે પુરાવા રજુ કરવા માંગતા નથી.

આ સાહેદ ફરીયાદપક્ષના કેસને સમર્થન આપતા ન હોય ભારતીય પુરાવા અધિનિયમ ૧૮૭૨ ની કલમ ૧૫૪ મુજબ સરકારી વકીલશ્રીએ તેની ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્ન પુછવા પરવાનગી માંગતા પરવાનગી આપવામાં આવેલ અને ત્યારપછી આ ફરીયાદીની ફરીયાદ પક્ષ દ્વારા ઉલટતપાસ લેવામાં આવેલ  અને પંચ સાહેદને પંચનામુ વાંચી સંભળાવવામાં આવેલ

પરંતુ સાહેદે પુછાયેલ તમામ વીગતો ની ઇન્કારી કરતા જણાવેલ છે કે, " તેઓએ તેઓની પોલીસ રૂબરૂની ફરીયાદમાં એવુ જણાવેલ કે જાન્યુઆરી ૨૦૧૫મા અમદાવાદના દલાલ રાજેશભાઇએ ફોન કરેલ કે અમદાવાદના વેપારી અંબિકા ટ્રેડર્સનાઓને ૨૦૦ કિવટલ યાને ૨૫ કિલોના ૮૦૦ કટ્ટા બાસમતી ચોખા જોઇએ છે. જેથી તેઓએ ચોખાના સેમ્પલ મોકલી અને તેઓએ પસંદ કરતા ૨૦૦ કિવટલ યાને કે ૨૫ કિલોના ૮૦૦ ચોખાનો ઓર્ડર આપેલો રાજેશભાઇએ પોતાના ૬ મોબાઇલ નંબર જણાવેલ અને જણાવેલ કે તમો ટ્રક મા માલ મોકલી આપો અને માલ મળી ગયા પછી ત્રણ દીવસમાં તેઓ પેમેન્ટ કરી દઇશ. જેથી તેઓએ તા.૨૩/૧ /૨૫ ના રોજ ૨૦૦ કિવટલ બાસમતી ચોખા સાહની ટ્રેડ બ્રોકર એજન્સી બરેલીને કોર્ટા ઉપર જાણ કરેલી કે ૨૦૦ કિવટલ માલ મોકલવાનો હોય જેથી શાહની એજન્સીમાંથી ટ્રક નં.એચ.આર.૩૮ ટી.૩૯૩૦ વાળી ટ્રક તેમા મૈકુલાલ નામના ડ્રાઇવર સાથે તા. ૨૩/૧/૧૫ ના રોજ સવારે ટ્રક ભરીને અમદાવાદ આવવા નિકળેલ જેનો લાઇસન્સ નંબર ૬૪૫૯ હતો. જે બાબતે તેઓએ રાજેશભાઇને ફોન દવારા જાણ કરેલી કે તમારો માલ તે ટ્રકમાં ભરાવીને મોકલ ેલ છે. જે તા.૨૭/૧/૧૫ સુધીમાં તમને મળી જશે તેમજ તેઓએ રાજેશભાઇને ટ્રક ડ્રાઇવર મૈકુલાલનો ફોન નંબર પણ આપેલ છે. તા.૨૬/૧/ ૧૫ ના રોજ ડ્રાઇવરે ફોન કરીને જણાવેલ કે તેઓ અમદાવાદ આવી ગયેલ છે. જેથી રાજેશભાઇએ જણાવેલ કે અંબિકા ટ્રેડર્સને માલ મોકલવાનો નથી. પરંતુ એક નાના ગોડાઉનમા માલ ઉતારવાનો છે તેમ કહી અડાલજ નુ સરનામુ આપેલ જેથી ટ્રક ડ્રાઇવર ઉપર રાજેશભાઇનો ફોન આવેલ કે ઘણુ મોડુ થયેલ હોઇ ટ્રક ખાલી કરતા નહી પરંતુ કાલે બીજી ટ્રક મોકલુ છે. તેમા આ ૬૦૦ કટ્ટા યાને કે ૧૫૦ કિવટલ બાસમતી ચોખા ટ્રકમાં ભરાવી દેજો અને બાકીનો ૫૦ કિવટલ માલ ગોડાઉનમા ઉતારી દેજો અને તા.૨૭/૨/૧૫ ના રોજ સવારે રાજેશભાઇને બીજી ટ્રક તથા મજુરો લઇને આવેલ અને ટ્રકમાંથી ૬૦૦ કટ્ટા બીજી ટ્રકમાં ચડાવી અને ૫૦ કિવટલ માલ ગોડાઉનમા ઉતરાવી દીધેલો. અને રાજેશભાઇ એ માલ મળ્ યાની પહોંચ અને ભાડુ આપેલ જેથી ડ્રાઇવર પરત નિકળેલ. અને તેઓએ ત્રણ દિવસ પછી રાજેશભાઇને કોલ કરતા જાણ થયેલ કે તેઓ ફોન ઉઠાવતા નથી ને તેઓ સાથે શરુઆતથી જ વિશ્વાસઘાત અને છેતરપીડી કરેલ છે. તેઓ ફરીયાદીએ અંબિકા ટ્રેડર્સની તપાસ કરતા તેઓને જાણ કરેલ કે તેઓને માલ મળેલ નથી. તેથી પેમેન્ટ કરીશુ નહી જેથી સ્પષ્ટ થયેલ કે તેઓની સાથે શરુઆતથી જ વિશ્વાસઘાત થયેલ છે. અને આરોપી નં.૩ એ ગોડાઉન

ભાડે આપેલ હોવાની બનાવટ ઉભી કરી તેઓને માલ ઉતરાવવાની લાલચ આપેલ. તેઓ ફરીયાદીએ ૮૦૦ કટટા યાન કે ૨૦૦ કિવટલ ચોખા જેની કિંમત રૂ. ૬,૫૯,૦૩૮/– છે. તેની છેતરપીડી થયેલ. અને પોલીસે તેઓના લખાવ્યા મુજબની વિગતવારની ફરીયાદ લખી લીધેલી.

આ સાહેદ ફરીયાદપક્ષના કેસના મહત્વપૂર્ણ સાહેદ તે ફરીયાદી–ભોગ બનનાર છે. આ ફરીયાદીએ પોતાની ફરીયાદ આંક–૧૬ થી રજુ કરેલ છે છતાં પોતાની ફરીયાદમાં લખેલ લખાણને સમર્થન આપતા નથી અને આ ફરીયાદી આ કહેવાતા બનાવમા કયા આરોપીએ કયુ કૃત્ય કરેલ કે કઈ રીતે પોતાની સાથે છેતરપીડી કરેલ છે તે બાબતે કોઈ જ હકીકત જણાવેલી નથી. આ કામે ફરીયાદી એ આ બનાવમા કેટલા આરોપી હતા તે બાબત પણ જાહેર કરેલ નથી. આમ પોતે ભોગ બનનાર હોવા છતા અને આંક–૧૬ ની ફરીયાદ તેઓ દ્વારા અપાયેલ હોવા છતા આ ફરીયાદ હકીકતોને સમર્થનકર્તા કોઈજ વીગત જણાવેલ નથી.

વધુમા ફરીયાદીએ આ આરોપીઓ કોણ હતા , શુ નામ હતુ તેની પણ કોઈ વીગત પોતાના મૌખીક પુરાવામા જણાવેલ નથી. આ ફરીયાદીએ આ આરોપીઓ કોઈ પકડાયેલ હોય અને પોલીસે તેઓની સમક્ષ બતાવેલ હોય, તેવી પણ કોઈ વીગત જાહેર કરેલ નથી. આમ આ ફરીયાદીની જુબાની સદતંર રીતે ફરીયાદ પક્ષને મદદકર્તા નીવડતી નથી અને આના આધારે ચાર્જશીટમા જણાવેલ આરોપીઓને તકસીરવાન ઠેરવી શકાય નહી.

(૮) આ કામે ફરીયાદીએ આ બનાવ મા અન્ય કોઈ વીગતો પણ જાહેર કરેલ નથી. આ કામે આંક–૧૪ ના પંચનામાને અહી વંચાણે લેવામા આવે તો, તે પંચનામામા ફરીયાદી રુબરુ થયાની વીગતો જણાવેલ છે. પરંતુ ફરીયાદી એવી પણ કોઈ વીગતો જણાવતા નથી. આ કામે પંચ હોસ્ટાઈલ હોય,ફરીયાદી આવી કોઈ કાર્યવાહી અંગે કોઈ વીગત જણાવતા ના હોય, પંચનામાની કોઈ કાર્યવાહી પંચો રુબરુ કહેવાતી વીગતે થયેલ હોવાની હકીકત પુરવાર થયેલ માની શકાય નહી.

(૯) આ કામ સને ૨૦૧૬ નુ નવ વર્ષ જુનુ કામ છે.આ કામે આરોપીઓ હાજર રહેતા ના હોય, તેમના વીરુધ્ધ આ કામ કલમ ૨૯૯ મુજબ આગળ ચલાવવામા આવેલ છે. આ કામે કુલ ૨૭ સાહેદો પૈકી માત્ર બે જ સાહેદો આજ દીન સુધી ચકાસી શકાયેલ છે. આ કામે ફરીયાદીને વીડીયો કોન્ફરન્સ થ્રુ ઉતરપ્રદેશ થી હાજર રખાવેલ છે , જે રેકર્ડ પર હોસ્ટાઈલ હોય,તે રીતે પોતાના જ કેસને મદદકર્તા નીવડતા નથી. વધુમા આ કામ ના તપાસ કરનાર અધીકારી નો મરણ નો દાખલો રજુ થયેલ હોય તે રીતે તપાસ કરનાર અધીકારી ની જુબાની મેળવી

શકાયેલ નથી. આ કામે ૬ પંચો પૈકી માત્ર એક પંચ તપાસાયેલ છે. જે પણ રેકર્ડ પર હોસ્ટાઈલ જાહેર થયેલ છે.

વધુમા આ કામે ફરીયાદી તરફે પોતાને આ કામ આગળ ચલાવવા ના હોય, કેસ પુરો દેવા માંગતા હોય, જયારે મહત્વના સાહેદ જ પોતાના કેસને સમર્થનકર્તા ના હોય, તયારે અન્ય સાહેદો તપાસવાથી પણ રેકર્ડ પર કોઈ મહત્વનો પુરાવો મેળવી શકાય તેમ ના હોય, આ કામે અન્ય સાહેદોને ચકાસવામા આવેલ નથી. અને વિધ્વાન એ.પી.પી.શ્રીની વીનંતી થી આ કામે ફરીયાદ પક્ષનો પુરાવો પુર્ણ થયાનુ જાહેર કરવામા આવેલ હોય, આ કામે એ વીગતે અન્ય કોઈ સાહેદો ચકાસવામા આવેલ નથી.

(૧૦) આ હેતુસર નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્રારા અપાયેલ ચુકાદો તે સ્ટેટ ઓફ ગુજરાત વીરુધ્ધ કાંતીભાઈ ગાંડાલાલ પ્રજાપતી (2024 (0) AIJEL-HC 248499)નો ચુકાદો અહી માનસહ વંચાણે લેવામા આવે તો તે કેસ મા પારા ૮ થી ૧૦ તથા ૧૨ તથા ૧૩ મા નામદાર અદાલતે ઠરાવેલ છે કે,

Further, in order to prove the case against the accused, prosecution has mainly relied on the evidence of PW:10 - complainant Gulamhusain Sheikh at Exh:29, PW:7 Mr. Harbal Mackwan, Executive Magistrate at Exh:25, PW:11 Mr. Ambalal Devjibhai Chaudhary at Exh:33 and PW:13 Investigating Officer Mr. Rohitbhai Baranda at Exh:35. **Except the said witnesses, other witnesses have declared turned hostile. Even the prosecution has not been able to prove recovery or discovery of weapons**. Perusing the evidence of the material witness i.e. complainant Gulamhusain Shaikh, who was star witness of the prosecution and going through the evidence of the said witness, it appears that he has made material improvement in the evidence and though he has identified the accused, learned trial Court came to the conclusion that test identification parade itself is very

doubtful on two counts. Hence prosecution has not been able to prove recovery or discovery of weapons. Material improvement and contradiction in story of complainant as well as in version of case of prosecution. **Thus, no direct evidence, which points guilt of accused or no any circumstances, which suggests involvement of accused persons** - hence, prosecution has failed to prove that accused have used deadly weapons and have committed offence of robbery or made an assault. Trial Court has not committed any error in acquitting accused.

આમ હાથ પરના કેસમા પણ જયા ફરીયાદી આરોપીની કોઈ વીગત જણાવતા ના હોય, આરોપીની કોઈ ક્રીયા કે ગુન્હાની ભુમીકા જણાવતા ના હોય, આરોપીની ઓળખ અંગે કઈ જાહેર કરતા ના હોય, આરોપી દ્રારા કહેવાતી ફરીયાદની વીગત મુજબ કઈ કાર્યવાહી કરવામા આવી તે જણાવતા ના હોય, આ કામે તેમની સાથે ફરીયાદ મુજબનુ કપટ , કે છેતરપીડી થયાનુ માની શકાય નહી.આમ ઉપરોકત ચુકાદામા ઠરાવેલ સીઘ્ઘાત આ અદાલતને બંધનકર્તા હોય, તે કેસની હકીકતો હાથ પરના કેસમા પણ બંધબેસતી હોય, આ ચુકાદામા ઠરાવ્યા મુજબ પુરતી વીગતો ના અભાવે આરોપીઓને આ ગુના મા તકસીરવાન ઠેરવી શકાય નહી.

**(૧૧)** આમ,સદરહુ કામે પણ ફરીયાદપક્ષે પોતાનો કેસ શંકા રહિત પુરવાર કરેલ નથી ત્યારે સદરહુ કામે ઉપરોકત નામદાર સુપ્રિમકોર્ટના ચુકાદામાં જણાવેલ સિઘ્ધાંત પ્રમાણે શંકાનો લાભ આરોપીને મળવા પાત્ર થાય છે .વધુમા આ કામે આંક–૧૫ વાળી ફરીયાદને તે આપનાર વ્યકિતથી સમર્થન મળતું ન હોય ભારતીય પુરાવા અધિનિયમ ૧૮૭૨ ની કલમ–૩ મુજબ સાબિત થતી નથી. આ કામે ફરીયાદીએ આંક–૧૫ ના પુરાવામાં આરોપીઓ સામેના આક્ષેપો નિશંકપણે પુરવાર થાય તેવી કોઈ હકીકત જણાવેલ નથી અને ફરીયાદ હકીકતને સમર્થન આપેલ નથી.

આ કામે ઉપરોકત તમામ ચર્ચા કર્યા મુજબ ફરીયાદ પક્ષ પોતાનો કેસ નિશંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ નીવડેલ છે અને આરોપીઓ સામેના આક્ષેપો નિશંકપણે પુરવાર થતા નથી. તેથી

મુદ્દા નં .૧ નો જવાબ નકારમાં ઠરાવી મુદ્દા નં.ર અન્વયે ન્યાયના હીતમાં નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: હુ ક મ ::–**

૧) આ કામના આરોપીઓ ૧) જીજ્ઞેશકુમાર વિનયચંન્દ્ર શાહ રહે. મકાન નં.૧ મયુરપંખ સોસાયટી ફતેનગર ચાર રસ્તા રાજગાર્ડન સામે પાલડી અમદાવાદ, ર) પ્રદિપભાઈ કાનજીભાઇ શાહ રહે. ઘાટલોડીયા ચાણ્યક પુરી જોગણીમાતાના મંદીર સામે સંજયભાઇની ચાલી સંજયભાઇના મકાનમાં અમદાવાદ, ૩) ધીરજલાલ જેઠાલાલ બારભાયા (મરણ) રહે. ૭, વર્ધમાનનગર સોસાયટી રામકુટીર સામે દુધરેજ રોડ સુરેન્દ્રનગરનાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ– ૨૫૫(૧) અન્વયે ઈ.પી.કો. ની કલમ–૪૦૬, ૪૨૦, ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧,૧૨૦(બી) મુજબના ગુના માથી નીર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામા આવે છે.

૨) હાલનો કેસ ક્રિ.પ્રો.કોડની કલમ–૨૯૯(૧) મુજબ આરોપીની ગેરહાજરીમાં ચલાવવામાં આવેલ હોય ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૪૩૭(એ) મુજબ જામીન અંગેનો અન્ય હુકમ કરવામાં આવેલ નથી. આરોપીના અપીલ ના હેતુસર અગાઉના જામીન થયાવત રાખવાનો હુકમ કરવામા આવે છે.

૩) ફોજદારી કાર્યરીતી સંહીતાની કલમ ૨૯૯ સાથે વાચતા કલમ ૩૫૩(૬) મુજબ સદર ચુકાદો આરોપીની ગેરહાજરીમા વાંચી, સંભળાવી જાહેર કરવામા આવેલ છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

ગાંધીનગર
તા. ૨૫/૧૧/૨૦૨૫

(એફ.એન.સોલંકી)
ત્રીજા એડી. સીવીલ જજ અને
જે.એમ.એફ.સી.